ઇમેઇલ

ક્રમાંક : ઘ/માધ્યમિક/અનદ-૨/૨૦૧૯-૨૦/૯૧૭૬-૯૯૦૬
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જી.મ.ભવન,
ગુ.રા., ગાંધીનગર, તા ૦૨/૦૬/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓના વર્ષ ૨૦૨૦-૨૧માં ધો-૧૦ અને ધો-૧૨ના વર્ગવધારાની જરૂરીયાત મોકલી આપવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :મશબ/૧૨૨૦/૯૭/છ, તા.૨૪/૩/૨૦૨૦
(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિપત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૨૯૭/તા.૨૬/૪/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની સરકારી/ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૦ના ઠરાવથી વર્ષ ૨૦૧૯-૨૦ના ચાલુવર્ષે અભ્યાસ કરતાં ધો-૯ અને ધો-૧૧ના તમામ વિધાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરીને આગળના ધોરણમાં લઇ જવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગની ઉપરોક્ત સૂચનાઓ અન્વયે માસ પ્રમોશનથી પાસ થયેલ વિધાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ સને : ૨૦૨૦-૨૧માં ધો- ૧૦ અને ૧૨ના ક્રમિક/વધારા વર્ગોની જરૂરીયાત પ્રસ્થાપિત થશે તેવું માની શકાય તે સબબ વર્ગોની વિગત નીચેના પત્રકમાં ssmadhyamik2@gmail.comના ઇ-મેઇલ પર દિન-૦૨માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

## પત્રક

| અં.નં. | ધોરણ | ૨૦૧૯-૨૦ના હયાત વર્ગો | | ૨૦૨૦-૨૧ના સંભવિત વર્ગો | | તફાવત (હયાતવર્ગો અને સંભવિત વર્ગોનો તફાવત) |
|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ | |
| ૧ | ૯ | | | | | |
| ૨ | ૧૦ | | | | | |
| ૩ | ૧૧ | | | | | |
| ૪ | ૧૨ | | | | | |

પત્ર ક્રમાંક:- માવિ.૨/વર્ગ વધારો/૨૦૨૦/૯૧૭૫-૯૪૭૫

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તા.૦૩-૦૬-૨૦૨૦

૧- ઉપરોક્ત પત્રથી જણાવેલ માહિતી તમારી શાળાની માહિતી દિન-૧માં અત્રેની કચેરીના EMAIL:-mavi2bnsdeo@gmail.com ઉપર મોકલવા જણાવવામાં આવે છે. માહિતી નિયત સમય મર્યાદામાં નહી મળે તો આપની શાળાની માહિતી શુન્ય ગણી માહિતી ઉચ્ચ કચેરીએ મોકલી આપવામાં આવેશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવી રહેશે.

(માહિતી pdf માં મોકલવાનું રાખશો)

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

૨- નકલ રવાના જાણ તેમજ અમલ સારૂ.

- પ્રતિ,
  આચાર્યશ્રી,(તમામ)
  સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક
  અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
  બનાસકાંઠા જિલ્લો.
- પ્રતિ,
  લાયઝન અધિકારીશ્રી,(તમામ)ને જણાવવાનું કે, ઉપરોક્ત પત્ર બાબતે તમારા કાર્યક્ષેત્રમાં આવતી શાળાઓને માહિતી તાત્કાલીક માવિ.૨ અને પ્રાવિ.૨ શાખામાં જમા કરાવાનું રાખશો.

Scanned with CamScanner